# Additional Notes

1. Obtained N.O.C. / Permission from the Commissioner of Higher Education vide letter no as mentioned below for the recruitment of principal.

    - **કવટ/**ISC8/**આ. ભરતી/2023/**251-52, dated: 17/01/2024 (SKP)
    - **કવટ/**ISC8/**આ. ભરતી/2023/**1683-84, dated: 02/02/2024 (SPB)

2. Recruitment process will be followed as per the guidelines of Commissioner of Higher Education for the post of Principal in Grant in Aid College.
3. Applications with incomplete details and late applications will not be consider.
4. All the documents / attachments must be self-attested by the applicant.
5. Applicant must possess U.G.C. approved Ph.D. degree.
6. Venue for Interviews will be V.N.S.G.U. Campus, Surat, Gujarat.
7. A certified copy of service book must be attached with an application.
8. A copy of form-16 of last 3 years attached with an application.
9. Interested Candidates may download the Application Form from our website & send it by registered post along with self-certified copies of Certificates, Mark-sheets etc. so as to reach the office on or before 22/02/2024.

<u>સંદર્ભ:1.</u>યુ.જી.સી. રેગ્યુલેશન ઓન મિનિમમ ક્વોલીફીકેશન ફોર અપોઈન્મેન્ટ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઈન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઈન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઈન હાયર એજ્યુકેશન, ૧૮ જુલાઈ ૨૦૧૮.

2. યુ.જી.સી. રેગ્યુલેશન ઓન મિનિમમ ક્વોલીફીકેશન ફોર અપોઈન્ટમેન્ટ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઈન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઈન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઈન હાયર એજ્યુકેશન, 30 જૂન ૨૦૧૦.

3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 29/09/2011

4. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 18/06/2012

5. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 20/01/2014

6. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/112011/2370/ખ/ તા. 28/05/2015

7. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/112011/2370/ખ/ તા. 18/04/2016

8. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/112011/2370/ખ/ તા. 02/07/2020

9. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1020/CHE-219/ખ/ તા. 24/05/2021

શરતો:

1. સંબંધિત કોલેજો દ્વારા એન.ઓ.સી. મળ્યાના વધુમાં વધુ ૨૫ દિવસોમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અગ્રગણ્ય વર્તમાનપત્રો (એક અંગ્રેજી અને ચાર ગુજરાતી) માં જાહેરાત એવી રીતે આપવી કે ગુજરાત રાજ્યના દરેક ઝોન (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ)માં પ્રસિધ્ધ થાય જાહેરાત, અરજીનો નમૂનો અને સંદર્ભ દર્શિત ઠરાવો કોલેજની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા બહોળી પ્રસિધ્ધિ માટે રાજ્યની યુનિવર્સિટીઓને જાહેરાતની નકલ તેઓની વેબસાઇટ, નોટિસબોર્ડ પર પ્રસિધ્ધિ માટે મોકલવાની રહેશે.
2. શિક્ષણ વિભાગના સંદર્ભ-૬માં જણાવેલ ઠરાવની શરત-૬ની જોગવાઇ મુજબ એન.ઓ.સી. મળ્યેથી જાહેરાત આપી, જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતોનું પત્રક તૈયાર કરી આ કચેરીને મોકલાવી ઇન્ટરવ્યું અંગેની તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયેથી મેળવી લેવાની રહેશે.
3. પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે. સરકારી પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે તેમજ તમામ પત્રકોની ખરાઇ કરવાની રહેશે અને દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે. ઇન્ટવ્યુની કાર્યાવાહી પૂર્ણ થયા બાદ પસંદગી કાર્યાવાહી સંબંધિત તમામ પત્રકો સમિતિના તમામ સભ્યોની તારીખ સાથેની સહીઓ મેળવીને તે જ દિવસે સરકારી પ્રતિનિધિને સોંપવાના રહેશે. ત્યારબાદ જ પસંદગી સમિતિના સભ્યોએ ઇન્ટવ્યું સ્થળ છોડવાનું રહેશે.
4. સંબંધિત કોલેજ જે યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી હોય તે યુનિવર્સિટીના કેમ્પસમાં ઇન્ટરવ્યું યોજવાના રહેશે. ઇન્ટરવ્યુ પૂર્ણ થયાના બીજા દિવસે ચેક લિસ્ટ, નિયત પત્રકો અને આધારો સાથેની ફાઇલ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
5. લઘુમતિ સંસ્થાએ સરકારશ્રીના સંદર્ભ-૩માં દર્શાવેલ તા.૨૯-૦૯-૨૦૧૧ના ઠરાવમાં જણાવ્યા મુજબ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.
6. ઉમેદવારની પસંદગી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા સંદર્ભ-૭ પરના ઠરાવથી નિયત કરેલ ગુણાંકન પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે. રીસર્ચ સ્કોરની ગણતરી કરવા માટે યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ના એપેન્ડિક્ષ-૨ના ટેબલ-૨ પ્રમાણે કરવાની રહેશે.
7. સંસ્થાને આપવામાં આવેલ એન.ઓ.સી. મુજબની જગ્યાઓ માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, નિમણૂક, એસોસિયેટ પ્રોફેસરના પગાર ધોરણમાં પ્રમોશન તથા અનુભવ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ મુજબ તથા યુજીસીના ધોરણો અનુસાર હોય જેની નોંધ સેવાપોથીમાં સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા સહી-સિક્કા કરી પ્રમાણિત કરેલ હોય તો જ ધ્યાને લેવામાં આવશે. આ મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કરી શકાશે. અન્યથા ઉમેદવારના પગાર, ભથ્થા અનુદાનને પાત્ર ગણાશે નહી.
8. ઉમેદવારની લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હશે તેજ ધ્યાને લેવાશે.
9. આચાર્ય તરીકે નિમણૂક પામતાં ઉમેદવારના તમામ ડોક્યુમેન્ટસની નકલની ફાઇલ (હાર્ડ તથા સોફ્ટ કોપી) કોલેજના દફતરે નિભાવવાની રહેશે.

10. નિમણૂક આપતા પહેલા પૂર્વ મંજૂરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેકલિસ્ટ મુજબ સાધનિક કાગળ, પત્રકો (પ્રતિનિધિ દિઠ તેમજ એકંદર પત્રક તથા રોજકામની નકલ) વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.
11. નિમણૂક આપતા પહેલા વહીવટી મંજૂરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેકલિસ્ટ મુજબ સાધનિક કાગળો, પત્રકો વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.
12. શિક્ષણ વિભાગના તા.૦૬-૧૦-૧૯૯૮ના ઠરાવમાં થયેલ જોગવાઇ મુજબ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓમાં રાજ્ય સરકાર અથવા સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય નિમણૂક નહી કરવાની જોગવાઇ મુજબ આ કચેરીના તા.૦૨-૦૧-૧૯૯૯ પત્રકમાંક: ઉબક-ડીપી(વ-૧)ક-૯૮-૯૯/૨૦૦૯-૪૨૩ની સૂચના મુજબ પસંદગી સમિતિએ પસંદ કરેલ ઉમેદવારની નિમણૂક આ કચેરીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ નિમણૂક હુકમ આપવાનો રહેશે.
13. શિક્ષણ વિભાગના વખતો-વખતના ઠરાવ તથા યુજીસી-૨૦૧૮ની ભલામણ તથા જોગવાઇ મુજબ આચાર્યની જે કામગીરી અને ફરજો નક્કી કરેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.
14. જો નિમણૂક સરકારી નિયમોની જોગવાઇ અનુસાર નહિ હોય તેમજ આ નિમણૂકને યુનિવર્સિટીની માન્યતા ન મળે તો આ નિમણૂકના કારણે ચુકવાયેલ પગાર અનુદાનને પાત્ર રહેશે નહી.
15. નિમણૂક પામનારની સંવર્ગના અધિકારી/કર્મચારીઓને ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે.તે કોલેજ માટે ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે પ્રમાણે હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રક્ટીસ કે અન્ય પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.
16. પસંદગી પામનાર ઉમેદવારે, અગાઉ બજાવેલ સેવાની બાબતે અથવા ભારતના પ્રસ્થાપિત કોઇપણ કાયદા હેઠળ ફોજદારી, દીવાની કાર્યવાહીમાં દોષિત સાબિત થયેલ હોય તે કાર્યવાહી ચાલુ હોય તો તેની વિગતો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે.
17. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી કે અર્ધસરકારી સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તેમજ કોઇપણ તપાસ ચાલુ હોય તો આવા ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર બનશે.
18. અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.
19. પસંદગી પામેલ ઉમેદવારે આખરી નિમણૂક પત્ર મેળવતાં પહેલા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો) ૧૯૬૭નાં નિયમ-૮(૧-એ) ની જોગવાઈ અન્વયે સરકારશ્રીનાં સામન્ય વહીવટ વિભાગનાં તા.૧૩-૦૮-૨૦૦૮નાં ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ સાથેનાં પત્રક-૧માં દર્શાવેલ અભ્યાસક્રમ મુજબનાં કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
20. આ એન.ઓ.સી. મુજબની આચાર્યની જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ, શારીરીક યોગ્યતા, ચારિત્રય સંબંધી તપાસ, નાગરિકત્વ સંબંધી શરતો, ઠરાવેલી લાયકાત સંબંધી શરતો અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોકતાની પૂર્વ સંમતિ, નિમણૂક બાદ ખાતાકીય પરિક્ષા વગેરે સંબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજય સરકાર અથવા યુ.જી.સી. રેગ્યુલેશનમાં અન્યથા જોગવાઈ કરવામાં આવેલ ન

હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ નાં ભાગ-૩ અને ભાગ-૪માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાનાં રહેશે.

21. આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી.ની શરતોમાં ફેરફાર કરવાનો હક તથા પૂર્વમંજૂરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજય સરકારનાં પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો રહેશે.

નોંધ ઉપર માન. આયુકતશ્રીના આદેશ અનુસાર.

સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા., ગાંધીનગર

# દરખાસ્ત માટે ઉમેદવારે ધ્યાનમાં લેવાના વધારાના મુદા

8) અત્રેની કચેરીએથી પ્રસારીત કરવામાં આવેલ ગાઈડલાઈન મુજબ યુજીસી રેગ્યુલેશન પ્રમાણે એસોસિએટ કક્ષાના ગ્રેડ પે- ૯૦૦૦/- મેળવેલ છે તેવા આધારો તેમજ સેવાપોથીમાં કરેલ નોંધના પાનાની પ્રમાણિત કરેલ નકલ. જે તારીખથી ગ્રેડ પે રૂા. ૯૦૦૦/- મળેલ છે તે તારીખથી આજ દિન સુધીના IT રીટર્ન જમા કરાવવાના રહેશે.

9) સ્વનિર્ભર સંસ્થાનો અનુભવ ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં તેઓને યુજીસી નિયમાનુસાર તમામ સ્કેલ મેળેલ છે તેના આધારો રજૂ કરવા વધુમાં ચકાસણી અર્થે ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ ઓરીએન્ટેશન તેમજ રિફ્રેશર કોર્સના આધારો તેમજ એસોસિએટ કક્ષાનો ગ્રેડ પે મેળવતી વખતે રજૂ કરેલ પબ્લીકેશનના આધારો.

10) ઉમેદવારોના કલેઈમ કરેલ API ને કોલેજ કક્ષાની IQAC એ ચકાસણી કરી પ્રમાણિત કરી અત્રે રજૂ કરવા તેમજ નિયત કરેલ Publication સંખ્યા ચકાસવી.

11) ઉમેદવાર હાલ જે જગ્યાએ કાર્યરત છે તે સંસ્થાનું NOC અરજી સાથે અત્રે રજૂ કરવાનુ રહેશે. સસ્પેન્ડ કરાયેલ કિસ્સામાં સસ્પેન્શનનું કારણ જણાવવું.

12) ઉમેદવારોએ દર્શાવેલ કુલ અનુભવમાં જો LWP હોય તો તેવા કિસ્સામાં LWP નો સમયગાળો દર્શાવવો જરૂરી છે.

13) ઉમેદવારે દર્શાવેલ અનુભાવના સમયગાળાને યુનિ. તરફથી અધ્યાપક અંગેની માન્યતા મળેલ હોય તેવો જ અનુભવ ગણતરીમાં લેવો.

**નોંધ ઉપર મળેલ માન. નિયામકશ્રીના આદેશાનુસાર**

સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા., ગાંધીનગર